વાહન વ્યવહાર કમિશનરની કચેરી

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૬/૩, ગાંધીનગર

ફોન ૦૭૯-૨૩૨૫૭૮૦૯ Email: cot-trans-tax@gujarat.gov.in


નં.ટેક્ષ/ફાનં.૨૬૭/રજુઆત/ગુ.ત.ટ્રાન્સ.એસો./ 4305

તારીખ : /૦૭/૨૦૨૦.

4 AUG 2020

પ્રતિ,

પ્રમુખશ્રી,

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦૦૦૪.

**વિષય :- ગુજરાત રાજયના ટ્રાન્સપોર્ટરોની રજુઆત અંગે.**

સંદર્ભ :- ૧. આપના એસોસીએશનની તા. ૧૫/૦૭/૨૦૨૦ ની રજુઆત અન્વયે.

૨. વિભાગના પત્ર નં.ક્રમાંક:એમવીડી/૧૦૨૦૨૦/૧૩૧૦/ખ. તા.૨૨/૦૭/૨૦૨૦.

ઉપરોકત વિષય તેમજ સંદર્ભવાળા પત્ર અન્વયે જણાવવાનું કે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના દ્વારા અત્રેની કચેરીના માન.કમિશનરશ્રીને ઉદ્દેશીને તા. ૧૫/૦૭/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ રજુઆતો તેમજ સદર એસો.ની માન.મંત્રીશ્રીને કરેલ સમાન પ્રકારની રજુઆત અન્વયે માન.મંત્રીશ્રી (વા.વ્ય) ની અધ્યક્ષતામાં તા. ૧૫/૦૭/૨૦૨૦ ના રોજ મળેલ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ જરૂરી કાર્યવાહી કરવા અત્રેની કચેરીને જાણ કરવામાં આવેલ. જે રજુઆત બદલ અત્રેની કચેરી દ્વારા કરેલ કામગીરીની વિગતો આ સાથે એનેક્ષર-એ માં સામેલ છે.

બિડાણ : સામેલ એનેક્ષર-એ

નોંધ પર માન.કમિશ્નરશ્રીના આદેશ મુજબ

ખાસ ફરજ પરના અધિકારી,

વાહન વ્યવહાર કમિશનરની કચેરી,

ગુજરાત રાજય,ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :-**

૧. અગંત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (કૃષિ, ગ્રા.વિ.અને વા.વ્ય.)બંદરો અને વાહન વ્યવહાર, સ્વણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.

૨. અગંત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રાજયકક્ષા) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, પ્રવાસન, સ્વણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર.

૩. અગંત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રાજયકક્ષા) બંદરો અને વાહન વ્યવ્યવહાર, સ્વણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર.

૪. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

૫. સેકશન અધિકારીશ્રી, બંદરો અને વાહન વ્યવ્યવહાર, નવા સચિવાલય, ગાંધીનગર.

## એનેક્ષર-એ

| અ.નં. | રજુઆત | કરેલ કામગીરી |
|---|---|---|
| ૧ | સરકારશ્રીએ એપ્રીલ અને મે મહિનાના ટેક્ષની છુટ આપેલ અને ત્યારબાદ વાર્ષિક અને અર્ધ વાર્ષિક એડવાન્સ ટેક્ષ ભરવાની મુદત તા.30/0૬/૨૦૨૦ સુધી રાખેલ, પરંતુ તે બાબતે ઓનલાઇન ટેક્ષ ભરવા અર્થે જે કોઇ વ્યવસ્થા બાદ ટેક્ષ ભરનારાઓને માત્ર ૧૫ દિવસનો સમય મળેલ અને તે દરમ્યાન પણ ટેક્ષ ભરવા જતા સીસ્ટમમાં ઘણી અગવડતા પડેલ અને ખાસ કરીને તારીખ ૨૫મી થી સીસ્ટમ ખુબ ધીમી પડેલ અને તે બાબતે આપની કચેરીમાં વારંવાર ટેલીફોનીક ચર્ચા થયેલ અને ખાસ કરીને છેલ્લા બે દિવસ સીસ્ટમા ચાલેલ જ નહીં. અને તે અર્થે આપની ઓફિસમાં જાણકારી પણ આપેલ. તેમજ તા.30/0૬/૨૦૨૦ના રોજ ઉપરોક્ત જાણકારી સાથે તેમજ ટેક્ષ ભરવાની મુદતનો થોડો વધારો કરવા માટેનો ઇમેલ પણ કરેલ જે બાબતે હજુ સુધી કોઇ ઉત્તર મળેલ નથી. | ૧. સરકારશ્રી દ્વારા સદર સમયગાળા માટે તા. 30/0૬/૨૦૨૦ સુધી ટેક્ષ ભરવામાંની મુદ્દતમાં છૂટ આપવામાં આવેલ હતી. જેથી હવે આ બાબતે વધુ છુટ આપવા બાબતની વિચારણા થઇ શકે તેમ નથી.<br>૨. વધુમાં આપના દ્વારા કરવામાં આવેલ રજુઆત કે ટેક્ષ ભરવા માટે માત્ર ૧૫ દિવસ મળેલ હતાં અને એમાં પણ સિસ્ટમ વધુ પડતી ધીમી હતી. તે બાબતે જણાવવાનું કે અત્રેના ખાતાના તાબા હેઠળની કચેરીઓની માહિતી મુજબ તા. 0૧/0૬/૨૦૨૦ થી તા.30/0૬/૨૦૨૦ સુધી સમગ્ર ગુજરાત રાજ્યમાંથી કુલ ૨૦૩૪૬૦ વાહનો દ્વારા કુલ રૂ. ૧૨૧.૫૪ કરોડ રૂપિયા સરકારશ્રીમાં ભરવામાં આવેલ હતાં. |

| | | |
|---|---|---|
| ૨ | ઉપરોક્ત સંજોગોમાં જે ગાડી માલીકોએ તા.૩૦/૦૬/૨૦૨૦ની મુદત બાદ ટેક્ષ ભર્યો તેમને વ્યાજ અને પેનલ્ટી ભરવાની થયેલ પણ તે વ્યાજ અને પેનલ્ટીની ગણતરી તા.૦૧/૦૪/૨૦૨૦થી ગણવામાં આવેલ. | તા. ૧૬/૦૭/૨૦૨૦ થી ખાતામાં અમલી સોફ્ટવેરમાં NIC દ્વારા જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે. |
| | ઓનલાઇન સીસ્ટમ અંગેના મુદ્દાઓમાં (અ) કોઇપણ વ્યાપારીક વાહનના વેચાણ બાદ પરમીટ ટ્રાન્સફર અંગે ઓનલાઇન વ્યવસ્થા હોવા છતાં ૨૦ દિવસથી લઇ ૪૦ દિવસ પછીની એપોઇન્મેન્ટ મળે છે. જેથી તે વાહન તે દિવસો દરમ્યાન કાયદાકીય રીતે ચલાવી શકાતું નથી. જે હાલના સમયમાં અયોગ્ય છે. અને પોષણક્ષમ નથી તેમજ ખરા અર્થમાં ઓનલાઇન વ્યવસ્થાનો અર્થ સરતો નથી. | આ બાબતે જણાવવાનું કે હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ મહામારીના લીધે શરૂ કરવામાં આવેલ આરટીઓ/એઆરટીઓ કચેરી ખાતે સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે અર્થે કચેરી ખાતે મુલાકાત લેતાં અરજદારોની સંખ્યા નિયંત્રિત કરવાના હેતુથી વાહન અને સારથી સંબંધિત સર્વિસીસના કવોટા નક્કી કરવામાં આવેલ છે. કચેરીની શરૂઆત તા. ૦૪/૦૬/૨૦૨૦ થી કરવામાં આવેલ હતી. જેમાં જરૂરિયાત મુજબના એપોઇન્ટમેન્ટ સ્લોટ નક્કી કરવામાં આવેલ હતાં. ત્યારબાદ તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજથી સ્લોટમાં વધારો કરવામાં આવેલ. જેમાં સારથી–૪.૦ સંબંધિત કામ માટે સ્લોટની સંખ્યા ૩૭૫૦ ની જગ્યાએ ૪૮૦૫,વાહન–૪.૦ સંબંધિત કામ માટે સ્લોટની સંખ્યા ૩૬૬૦ ની જગ્યાએ ૬૫૧૦ તેમજ ડ્રાયવીંગ લાયસન્સ/ટેસ્ટ ટ્રેક માટેની સ્લોટની સંખ્યા ૬૦૭૫ ની જગ્યાએ ૮૬૪૦ જેટલો |

| | | |
|---|---|---|
| | | વધારો કરવામાં આવેલ છે. જેનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે. હાલમાં એઆરટીઓ સુરેન્દ્રનગર અને એઆરટીઓ વસ્ત્રાલ કચેરી ખાતે કર્મચારીઓમાં કોવિડના વધારે કેસો ધ્યાને આવેલ હતાં. ભવિષ્યમાં આવું ન થાય તેના માટે અરજદારોની સંખ્યા મર્યાદિત કરવી ખુબ જ જરૂરી હોઇ એપોઇન્ટમેન્ટ સીસ્ટમ રાખવામાં આવેલ છે. |
| | (બ) આજ પ્રમાણે લાઇસન્સ રીન્યુઅલ, સરનામાની ફેરબદલ અને ડુપ્લીકેટ લાઇસન્સની વ્યવસ્થા પણ ઓનલાઇન ગોઠવવામાં આવી છે. પણ તે અર્થે આજ સુધી કોઇ સમયસર વ્યવસ્થા ગોઠવાઇની જાણકારી નથી અને તે બાબતે ધણા લોકોના કામો પેન્ડીંગ છે. અને ફરીયાદો પણ મળેલ છે. | ૧.રીન્યુઅલ અને ડુપ્લીકેટ લાયન્સસની પ્રક્રિયા હાલ Faceless છે. સદર બાબતે વારંવાર સમાચાર પત્રોમાં જાહેરાતો પ્રસિધ્ધ કરી, અરજદારને જાણ કરવામાં આવે છે. આ સેવા હાલ ઉપલબ્ધ છે.<br>૨.સરનામા ફેરબદલીની પ્રક્રિયા Faceless ઉપલબ્ધ નથી, પરતું E-kyc તેમજ E-sign ની પધ્ધતિ અમલ થતાં આ પ્રક્રિયા પણ વધુ ઝડપી થશે. હાલ સરકારશ્રી કક્ષાએ સદર પ્રક્રિયા પ્રગતિમાં છે. આ વ્યવસ્થા ઉપલબ્ધ થયેથી આરટીઓ કચેરી ખાતે ભવિષ્યમાં અરજદારોએ આવવાનું રહેશે નહીં. |
| | (ક) અગાઉ રજુઆત કરેલ તે પ્રમાણે વાહનના ફીટનેશ અંગે હોમ આરટીઓમાં જ જવું પડે છે. તેવી જ રીતે ડીએ કેસની ચુકવાણી માટે જે-તે | અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક/એમવીએ/૧૦૭૩૨ તા. ૧૯/૧૨/૨૦૧૫ થી કરેલ પરિપત્રની સુચનાના મુદ્દા નં.૦૨ મુજબ જે વાહન |

| | | |
|---|---|---|
| | આરટીઓમાં જવુ પડે છે. અને આ કામો અંતર્ગત ટ્રાન્સપોર્ટ કંપનીઓના અધીકૃત પ્રતિનિધિની વ્યવસ્થા ગોઠવાઇ નથી. | અન્ય રીજીયનમાં વર્કઓર્ડર ધરાવતો હોય તો તેનું ફીટનેશ જે તે જિલ્લાની આરટીઓ કચેરી ખાતે થઇ શકે છે.(જેની નકલ સામેલ છે.) |
| | (ડ) જુના કે નવા ડીએ કેસની પતાવટ વખતે કેસ બન્યો તે વખતે બધા ઓરીજીનલ ડોક્યુમેન્ટ બતાવ્યા હોવા છતાં તેમજ ડીએ કેસમાં ઓરીજીનલ ડોક્યુમેન્ટ ન બતાવ્યાનો ઉલ્લેખ ન હોવા છતાં જે-તે સમયે ફરેથી જુના ડોક્યુમેન્ટનો જોવાનો આગ્રહ રાખવામાં આવે છે. અને ઘણી વખત તે ડ્રાઇવર ન હોવાથી કે જુના ડોક્યુમેન્ટ ન મળવાથી તે ગુનો ના કર્યો હોવા છતા મોટો દંડ ભરવો પડે છે. | સદર રજુઆત બાબતે અત્રેની કચેરીની એફ.એસ. શાખાના તા.૩૦/૦૭/૨૦૨૦ ના પત્ર.નં/એફ.એસ/ઇ-ચલણ/દ્સ્તાવેજો/ ૪૧૯૪ થી તમામ આરટીઓ/એઆરટીઓ ક્ચેરીઓને જરૂરી સુચના આપવામાં આવેલ છે. જેની નકલ સામેલ રાખેલ છે. |

નં. આઇ.ટી/કોરોના/સૂચના/ ૩૩૦૫ ૮૧

વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી

બ્લોક નં.-૬, બીજો માળ,

ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજય, ગાંધીનગર.

તારીખઃ- 26 JUN 2020

પ્રતિ,

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

સહાયકપ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,

તમામ.

**વિષયઃ-** આરટીઓ/એઆરટીઓ કચેરી ખાતે વાહન અને સારથી સંબંધિત સર્વિસીસના કવોટા નકકી કરવા બાબત.

**સંદર્ભઃ-** સંકલન/કોવીડ-૧૯/કામગીરી/૨૦૨૦/૨૬૭૬ તા. ૧.૬.૨૦૨૦.

ઉપરોકત સંદર્ભ દર્શિત પત્રના અનુસંધાને તા. ૦૪.૦૬.૨૦૨૦ ના રોજથી આરટીઓ/એઆરટીઓ કચેરીનું કામ અરજદારો માટે શરૂ કરવામાં આવેલ છે. તદઉપરાંત સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે અર્થે લોકડાઉન બાદ આરટીઓ/એઆરટીઓ કચેરીએ મુલાકાત લેતાં અરજદારોની સંખ્યા નિયંત્રિત કરવા હેતુ વાહન અને સારથીની સર્વિસીસના કવોટા નિયત કરવામાં આવેલ.

ઉપરોકત સૂચનાને અંદાજીત એક માસ જેવો સમય થવામાં આવનાર હોઇ અરજદારોને અગવડ ન પડે તથા સોશીયલ ડીસ્ટન્સીંગનું યોગ્ય પાલન થાય તે હેતુથી વાહન અને સારથીની સર્વિસીસના રીવાઇઝડ કવોટા <u>એનેક્ષર-એ</u> મુજબ નિયત કરવામાં આવેલ છે.

બિડાણઃ- એનેક્ષર-એ.

ખાસ ફરજ પરના અધિકારી

વાહન વ્યવહાર કમિશનરની કચેરી

ગુજરાત રાજય, ગાંધીનગર.

## Annexure A

| Sr. No. | RTO CODE | Office Name | No. of applications to be handled for Driving Licence related services(SARATHI-4.0) | Revised Appointment as per current requirement for Driving License | No. of applications to be handled for Vehicle related services(VAHAN-4.0) | Revised Appointment as per current requirement for vahan | DL TEST(2w) - Earlier | DL TEST(4w)- Earlier | Total Driving Test(Earlier) | DL TEST(2w) - Revised | DL TEST(4w)- Revised | Total Driving Test(Revised) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | GJ01 | Ahmedabad | 150 | 175 | 200 | 300 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 2 | GJ02 | Mehsana | 150 | 175 | 100 | 200 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 3 | GJ03 | Rajkot | 150 | 175 | 160 | 250 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 4 | GJ04 | Bhavnagar | 150 | 175 | 100 | 160 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 5 | GJ05 | Surat | 150 | 200 | 200 | 350 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 6 | GJ06 | vadodara | 150 | 175 | 125 | 300 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 7 | GJ07 | Kheda | 100 | 175 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 8 | GJ08 | Banaskantha | 150 | 175 | 100 | 300 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 9 | GJ09 | Sabarkantha | 100 | 125 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 10 | GJ10 | Jamnagar | 150 | 175 | 100 | 200 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 11 | GJ11 | Junagadh | 100 | 125 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 12 | GJ12 | Kutch | 100 | 125 | 100 | 300 | 150 | 75 | 225 | 200 | 100 | 300 |
| 13 | GJ13 | Surendranagar | 100 | 125 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 14 | GJ14 | Amreli | 100 | 125 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 15 | GJ15 | Valsad | 100 | 175 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 16 | GJ16 | Bharuch | 100 | 150 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 17 | GJ17 | Panchmahal | 100 | 150 | 100 | 200 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 18 | GJ18 | Gandhinagar | 100 | 100 | 100 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 19 | GJ19 | Bardoli | 100 | 150 | 100 | 100 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 20 | GJ20 | Dahod | 100 | 125 | 100 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 21 | GJ21 | Navsari | 100 | 150 | 100 | 100 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 22 | GJ22 | Narmada | 75 | 90 | 75 | 75 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 23 | GJ23 | Anand | 100 | 150 | 100 | 175 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 24 | GJ24 | Patan | 100 | 125 | 100 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 25 | GJ25 | Porbandar | 100 | 100 | 100 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 26 | GJ26 | Vyara | 75 | 90 | 100 | 100 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 27 | GJ27 | Ahmedabad East | 100 | 125 | 100 | 250 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 28 | GJ30 | Aahwa | 75 | 75 | 75 | 75 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 29 | GJ31 | Aravalli | 100 | 125 | 100 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 30 | GJ32 | Veraval | 75 | 100 | 75 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 31 | GJ33 | Botad | 75 | 100 | 75 | 125 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 32 | GJ34 | Chhota Udepur | 75 | 100 | 75 | 125 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 33 | GJ35 | Lunavada | 75 | 100 | 75 | 125 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 34 | GJ36 | Morbi | 75 | 100 | 75 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 35 | GJ37 | Khambhalia | 75 | 100 | 75 | 100 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| 36 | GJ38 | Bavla | 75 | 100 | 75 | 150 | 100 | 50 | 150 | 150 | 70 | 220 |
| Grand Total | | | 3750 | 4805 | 3660 | 6510 | 4050 | 2025 | 6075 | 5850 | 2790 | 8640 |

વાહનોનું ફીટનેશ સર્ટીફીકેટ તથા સીપીઆઇ આપવાની માર્ગદર્શક સૂચનાઓ.

ક્રમાંક : એમવીએ/ ૨૦૭૩૨

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય.
તારીખ.૧૯-૧૨-૨૦૧૫.

19 DEC 2015

-: પ રિ પ ત્ર :-

વંચાણે લીધાઃ-

(૧) સ્ટેટ રોડ સેફટી કાઉન્સીલની વખતો વખતની મીટીંગની મીનીટસ.

(૨) અત્રેનો પરિપત્ર ક્રમાંક-એમવીએ-ફીટનેશ-રીન્યુ-૨૦૮૨, તા.૧૮-૩-૨૦૧૪.

આમુખઃ-

મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૫૬ મુજબ ટ્રાન્સપોર્ટ વાહનનું ફીટનેશ પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત છે. આ કલમ મુજબ ફીટનેશ પ્રમાણપત્રનો હેતુ મોટર વ્હીકલ્સ એકટ અને તે હેઠળ ના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાનો છે. દેશમાં ચિંતાજનક રીતે વધી રહેલા અકસ્માત ઘટાડવાના ભાગરૂપે રસ્તા પર ફરતું વાહન સારી સ્થિતિમાં હોવું જરૂરી છે. સ્ટેટ રોડ સેફટી કાઉન્સીલની વખતો વખતની મીટીંગમાં આ બાબતની નોંધ લેવાયેલ છે. ટ્રાન્સપોર્ટ વાહનોનું રજીસ્ટ્રેશન થયાના પ્રથમ બે વર્ષે અને ત્યારબાદ દર વર્ષે વાહનનું ફીટનેશ પ્રમાણપત્ર (વાહન રોડ પર ફરવા માટે સક્ષમ છે તે મતલબનું) મેળવી લેવાની દરેક વાહન માલીકની જવાબદારી છે. ફીટનેશ પ્રમાણપત્ર સિવાય ટ્રાન્સપોર્ટ વાહનના ઉપયોગથી ગુન્હો બને છે.

વંચાણે લીધા-૨ પરિપત્રથી રાજયના તમામ પ્રાદેશિક / સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા તમામ મોટર વાહન નિરીક્ષકશ્રીઓને સુચના આપવામાં આવી હતી કે જે વાહન તેના મુળ રીજીયનમાં નોંધાયેલ હોય તથા તે રીજીયનમાં ટ્રાન્સફર થયેલ હોય તો તેવા જ વાહનોના ફીટનેશ પ્રમાણપત્રો રીન્યુ કરવા અને અન્ય રીજીયનમાં નોંધાયેલ વાહનોના ફીટનેશ પ્રમાણપત્ર રીન્યુ કરવા નહીં. આ પરિપત્ર ઇસ્યુ થયા બાદ અલગ અલગ વ્યકિતઓ અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા એસોસીએશનોની રજુઆતો મળેલ છે. જેમાં આ પરિપત્રના કારણે ઉપસ્થિત થયેલ વ્યવહારિક મુશ્કેલીઓ પર અત્રેનું ધ્યાન દોરવામાં આવેલ છે અને આ પરિપત્ર પરત ખેંચવા વિનંતી કરવામાં આવેલ છે.

Scanned with CamScanner

વધુમાં આ પરિપત્રના અનુસંધાને ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૧ (એ) ની જોગવાઇઓ હેઠળ આવરી લેવામાં આવેલ નોન ટ્રાન્સપોર્ટ વાહનોમાં સીપીય મેળવવાની પધ્ધતિ બાબતે પણ રજુઆતો મળી છે.

ઉપરોકત વિગતે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૪૯, કલમ-૫૬ તેમજ ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સના નિયમ-૫૦ ની જોગવાઇઓ લક્ષમાં લઇ, ફીટનેશ સર્ટીફીકેટ તેમજ સીપીઆઇ બાબતે તાબાની કચેરીઓમાં સ્પષ્ટતા અને સુનિશ્ચિતતા આવે તે માટે અને ફીટનેશ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં ગેરરીતીની શકયતાઓ નાબુદ કરવા તથા વાહનની મુળ રજી.ઓથોરીટી પાસે જે તે વાહનનો રેકર્ડ અધુરો ન રહે તે બાબત લક્ષમાં રાખી કાળજીપુર્વકની વિચારણા કરી અત્રેનાં વંચાણે લીધા-૨ નો પરિપત્ર રદ કરી ફીટનેશ પ્રમાણપત્ર બાબતે અત્રેથી વખતો વખત આપવામાં આવેલી સૂચનાઓને સંકલીત કરી તથા ફીટનેશ આપવાની પધ્ધતિમાં પણ સરળતા માટે જરુરી ફેરફાર કરી વહીવટી અનુકુળતા અને જાહેરહિતમાં નીચે પ્રમાણે સૂચનાઓ આપવામાં આવે છે.

## -: સૂચનાઓ :-

૧. <u>ફીટનેશ સર્ટીફીકેટ આપતાં પહેલાં/રીન્યુ કરતાં પહેલાં સુનિશ્ચિત કરવાની બાબતો</u>

:એ: સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૬૨ ના ટેબલની સામેલ નકલ મુજબની જોગવાઇઓનું પાલન કરે છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવું. આ નિયમ-૬૨ ની કલમ બિડાણ-૧ થી સામેલ છે.

:બી: વાહનમાં રીફલેકટર, રેડીયમ સ્ટ્રીપ છે કે કેમ ? તે અવશ્ય સુનિશ્ચિત કરવું.

:સી: સ્પીડ ગર્વનર બાબતે વખતો-વખતની સૂચનાઓનું પાલન થાય છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવું.

:ડી: વાહનમાં **Under Protection Device** છે કે કેમ ?

:ઇ: પેસેન્જર વાહનોમાં વાહનની આર.સી.માં દર્શાવેલ સીટીંગ કેપેસીટી મુજબની બેઠક વ્યવસ્થા છે કે કેમ ? ફેરફાર કરેલ હોય તો ત મુજબ મંજુરી મેળવેલ છે કે કેમ ?

:એફ: સ્લીપર કોચના કેસમાં સ્લીપર વ્યવસ્થા રજીસ્ટ્રેશન પ્રમાણે છે કે કેમ ?

:જી: વાહનનો થર્ડ પાર્ટી વીમો મેળવેલ છે કે કેમ ?

:એચ: વાહન નકકી કરેલા એમીનેશન ધોરણો મુજબનું છે કે કેમ ? પીયુસી સર્ટીફીકેટ ચકાસવું.

:આઈ: વાહન ઉપર કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૫૦ અને ૫૧ અનુસાર એચ.એસ.આર.પી. લાગેલ છે કે કેમ ?

Scanned with CamScanner

## અન્ય રીજીયનમાં વપરાતા ટ્રાન્સપોર્ટ વાહનનું ફીટનેશ રીન્યુ કરવા બાબત.

સામાન્ય રીતે વાહન જે રીજીયનમાં નોંધાયેલ હોય અથવા એડ્રેસ ચેન્જ કરી કાયમી રીતે આવેલ હોય તે રીજીયનની પ્રાદેશિક/સહાયક પ્રાદેશિક/ મોટર વાહન નિરીક્ષકની કચેરી એ વાહનનું ફીટનેશ પ્રમાણપત્ર આપવાની/રીન્યુ કરવાની કાર્યવાહી કરવાની રહેશે. પરંતુ અન્ય રજીસ્ટ્રીંગ ઓથોરીટીની હકુમતમાં એટલે કે, અન્ય રીજીયનમાં કોઇ કરાર અથવા વર્કઓર્ડર હેઠળ કામચલાઉ રીતે વપરાતા વાહનો માટે ટ્રાન્સપોર્ટ વાહનોનું ફીટનેશ સર્ટીફીકેટ રીન્યુ કરવા માટે નીચે પ્રમાણેની કાર્યરીતી અપનાવવાની રહેશે.

### :એ: વાહનની મુળ રજીસ્ટ્રીગ ઓથોરીટીમાં કરવાની કાર્યવાહી.

(૧) વાહનના માલીકે મુળ રજીસ્ટ્રીંગ ઓથોરીટીમાંથી નો ડીએ પ્રમાણપત્ર મેળવવાનુ રહેશે.

(૨) આ નો ડીએ પ્રમાણપત્ર મેળવવાની અરજીમાં વાહન હાલ જે રીજીયનમાં ઉપયોગમાં લેવાતું હોઇ તે રીજીયનનો અને સ્થળનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. તેમજ સાથે કરાર અથવા વર્કઓર્ડરની નકલ જોડવાની રહેશે. જો એકથી વધુ વાહનો આવા કોન્ટ્રાકટ હેઠળ વપરાતા હોય તો તમામ માટે એકજ અરજી કરવાની રહેશે. જેમાં તમામ વાહનના નંબરોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) આ અરજી મળતાં મુળ રજીસ્ટ્રીંગ ઓથોરીટી તરફથી નો ડીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે અન્ય રીજીયન માટે આપવાના થતા આવા પ્રમાણપત્રનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

### :બી: અન્ય રજીસ્ટ્રીંગ ઓથોરીટીમાં કરવાની કાર્યવાહી.

(૧) નો ડીએ પ્રમાણપત્ર સાથે ફીટનેશ મેળવવાની અરજી અને તે સાથેના નિયત દસ્તાવેજો વાહન જે રીજીયનમાં ફરતુ હોય તે રીજીયનની રજીસ્ટ્રીંગ ઓથોરીટી સમક્ષ રજુ કરવાના રહેશે. સાથે વાહન /વાહનો જે કરાર અથવા વર્કઓર્ડર હેઠળ ઉપયોગમાં લેવાતા હોય તે કરારની નકલ સાથે જોડવાની રહેશે.

(૨) આવી અરજી મળતાં જે તે રીજીયનની રજીસ્ટ્રીંગ ઓથોરીટીના કોઇપણ બે ટેકનીકલ અધિકારીની ટીમ ધ્વારા આ વાહનનું પ્રત્યક્ષ નિરીક્ષણ અને ભૌતિક પરિક્ષણ કરવાનુ રહેશે. આ કામગીરી કેમ્પમાં કરી શકાશે નહીં.

(૩) વાહનનું ભૌતિક પરિક્ષણ કરતી વખતે નિયમોનુસારના અન્ય ધારાધોરણો ઉપરાંત આ પરિપત્રનાં ફકરા-૧ માં દર્શાવેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૪) વાહનના ભૌતિક નિરીક્ષણ માટેના નિયત નમૂના MVINS ફોર્મ પર વાહનનાં એન્જીન નંબર અને ચેસીસ નંબર લેવાના રહેશે.

Scanned with CamScanner

(૫) ફીટનેશ રીન્યુ કરતાં પહેલાં વાહનનું ભૌતિક પરિક્ષણ કરતાં પહેલાં વાહનનો ટેક્ષ નથી તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૬) MVINS ફોર્મમાં મુળ રીજી. ઓથોરીટીના નો ડીએ પ્રમાણપત્રનો (ક્રમાંક/તારીખ સંદર્ભનો ઉલ્લેખ અવશ્ય કરવાનો રહેશે.

(૭) ઇન્સ્પેકટીંગ ઓથોરીટી ધ્વારા આવા વાહનના પ્રત્યક્ષ નિરીક્ષણ /ભૌતિક પરિક્ષણ કર્યા બાદ MVINS ફોર્મમાં નિરીક્ષણનો રીપોર્ટ મુળ રજી. ઓથોરીટી ને ઇમેલ મારફતે મોકલી આપવાનો રહેશે.

:સીઃ <u>અન્ય સૂચનાઓ.</u>

:એઃ ઉકત રીતે દર્શાવેલ પધ્ધતિ અન્ય રીજીયનમાં કોઇ કરાર અથવા વર્કઓર્ડર હેઠળ કામચલાઉ રીતે વપરાતા વાહનો માટે અપનાવવાની રહેશે.

:બીઃ ખાનગી માલીકીના વાહનોમાં ઉપર જણાવ્યા મુજબ કરાર અથવા તો વર્કઓર્ડરની નકલ ફીટનેશ મેળવવાની અરજી સાથે જોડવાની રહેશે. જયારે સરકારશ્રીની માલીકી/નિયંત્રણ હેઠળના વાહનો અથવા તો સરકારશ્રીની માલીકી /નિયંત્રણ હેઠળની સંસ્થાના વાહનો માટે કરાર કે વર્કઓર્ડરની કોપી જોડવાની રહેશે નહીં. પરંતુ આ વાહનો જે સક્ષમ સત્તાઅધિકારીના ઉપયોગમાં લેવાતા હોય તે અધિકારીશ્રીનો પત્ર સાથે જોડવાનો રહેશે.

૩. <u>અન્ય અગત્યની સૂચનાઓ.</u>

:એઃ ફીટનશ પૂર્ણ થયાના સમયે જો વાહન ગુજરાત બહાર લઇ જવાનું હોય તે સંજોગોમાં વાહન બહાર લઇ જવા પુરાવાના આધારે વાહનનું ફીટનેશ પુરુ થવાની તારીખના અગાઉના એક મહિનાના સમય સુધી ફીટનેશ સર્ટીફીકેટ આપવા નિયમોનુસાર કામગીરી કરી શકાશે. આ સંજોગોમાં ફીટનેશ સર્ટીફીકેટ વાહન ચકાસણીની તારીખથી ઇસ્યુ કરવાનું રહેશે.

:બીઃ ફીટનેશ અંગેની બાકીની સૂચના યથાવત રહે છે.

૪. <u>નોન ટ્રાન્સપોર્ટ વાહનનું સર્ટીફીકેટ ઓફ પીરીઓડીકલ ઇન્સ્પેકશન (સીપીઆઇ)</u>

ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ -૧૭૨ (એ) ની જોગવાઇ મુજબ સર્ટીફીકેટ ઓફ પીરીઓડીકલ ઇન્સ્પેકશન (સીપીઆઇ) મેળવવાના કીસ્સામાં પણ નિયમ ૧૭૨(એ) ના પેટા નિયમ-૧ લક્ષમાં લેતાં સીપીઆઇ ની જોગવાઇઓ હેઠળ આવતા વાહનો માટે પણ આ પરિપત્રમાં ઠરાવેલી પધ્ધતિ જ અપનાવવાની રહેશે. <u>પરંતુ ખાસ</u>

Scanned with CamScanner

૧૦૧૪-૭૫૫-૪૪, તા.૨૬-૧૦-૧૫ ની જોગવાઇ મુજબ ગુજરાત મોટર વાહન નિયમો,૧૯૮૯ ના નિયમ ૧૭૨ એ ના પેટા નિયમ(૧) ની ચોથી એન્ટ્રી રદ્દ કરવામાં આવી છે. જેથી પ્રાઇવેટ ઓમ્ની બસ અર્થાત ડ્રાઇવર સિવાય ૬ થી વધુ વ્યકિતઓ વહન કરવા વપરાતા નોન ટ્રાન્સપોર્ટ વાહનમાં હવે સીપીઆઇની જોગવાઇ રહેતી નથી. પરંતુ ડ્રાઇવીંગ ટ્રેનીંગ સ્કુલના ટ્રેનીંગ આપવા માટે વપરાતા વાહનો, રીગ,જનરેટર, કમ્પ્રેસર, ક્રેન, ટ્રો-ટ્રક, બ્રેક ડ્રાઉનવાન વિગેરેમાં અગાઉની જોગવાઇઓ મુજબ સીપીઆઇની જોગવાઇ યથાવત છે.

ઉપરોકત સૂચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

*જાણ સારુ નકલ રવાના:-

પ્રતિ,

* નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨, નવમો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.

અમલ સારુ નકલ રવાના :-

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.........................

(૨) મોટર વાહન નિરીક્ષકશ્રી ચેકપોસ્ટ.......................................

(૩) કાર્યાલય આદેશ ફાઇલ.

Scanned with CamScanner

c|23


વાહન વ્યવહાર કમિશનરની કચેરી

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૬/૨, ગાંધીનગર

ફોન ૦૭૯-૨૩૨૫૧૩૬૩,૫૧૩૭૯

Email cotda201516@gmail.com


નં.એફ.એસ/ઈ-ચલણ/દસ્તાવેજો |૫૧૭૪ તા. -૦૭-૨૦૨૦

30 JUL 2020

પ્રતિ,

આર.ટી.ઓ/ એ.આર.ટી.ઓ

તમામ.

વિષય- ચેકીંગ દરમ્યાન બનાવેલ ચેકીંગ મેમો (ઈ-ચલણ) ની માંડવાળ પ્રક્રિયા બાબત.

સંદર્ભ - ૧) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમંકઃ ડી.એ/ઈ-ચલણ/અમલીકરણ/૩૩૯૬ તા.૦૨-૦૬-૨૦૧૮

૨) અત્રેની કચેરીનો પત્રનં એફ.એસ/ચેકપોઈન્ટ/ અમલવારી/ ૮૭૬૮ તા.૨૬-૧૧-૨૦૧૯

૩) અત્રેની કચેરીનો પત્રનં આઈ.ટી./ઈ-ચલણ/કામગીરી/ ૯૪૪૩ તા.૧૮-૧૨-૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હાલ રાજ્યમાં એન્ફોર્સમેન્ટની કામગીરી ઈ-ચલણ દ્વારા કરવામાં આવે છે. જ્યારે કોઈ ગુન્હાહિત વાહન રોડ ચેકીંગ દરમ્યાન પકડાય ત્યારે તેને ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવે છે અને તે ગુન્હા બાબતની માંડવાળ ફી વસુલ કરાય છે.

ઘણી વખત ચલણ/મેમો (મોટા ભાગના કિસ્સાઓમાં) જુની તારીખનાં હોય છે. તેવા કિસ્સામાં ઉપરોક્ત મેન્યુઅલ ચલણ ઈ-ચલણમાં આખરી કરતાં ચલણમાં ઉલ્લેખ કરેલ ગુન્હા સિવાયના પણ દસ્તાવેજો માંગવામાં આવે છે. તેની પૂર્તતા ન થતાં તમામ દસ્તાવેજોની સામે માંડવાળ ફી વસૂલ કરાય છે. જો માંડવાળ કરવામાં અરજદાર અને કચેરી વચ્ચે સહમતી નહીં સધાતા વાહનને લગતાં પોસ્ટ ટ્રાન્ઝેક્શન જેમ કે ફીટનેશ, ટ્રાન્સફર જેવા કાર્ય થતા નથી અને વાહન માલીકો દ્વારા આવા જૂના ચલણની માંડવાળ બાબતે કચેરીઓમાં અવારનવાર ઘર્ષણ ના કિસ્સાઓ પણ અત્રેની કચેરીએ ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને રાખતા પેન્ડિંગ મેન્યુઅલ ચલણ અને ટ્રાફીક પોલિસના ચલણને ઈ-ચલણમાં આખરી કરતી વખતે મેન્યુઅલ ચલણમાં દર્શાવેલ ગુન્હાઓ તથા ઉલ્લેખ કરેલ દસ્તાવેજો પરત્વે વેરીફીકેશન/ચકાસણી કરવાની થાય છે અને એ પૈકી જ માંડવાળ ફી વસૂલાત થાય તો બિનજરૂરી સમયનો વ્યય અટકશે અને ન્યાયોચિત રહેશે.

આથી, તમામ આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ અને ચેકીંગ અધિકારીઓ દ્વારા તાત્કાલિક અસરથી ઉપર મુજબ અનુસરવામાં આવેલ પ્રક્રિયાનું પાલન કરવાનું અને સંબંધિત કર્મચારીઓ દ્વારા કરાવવાનું રહેશે.

નોંધ પર માન. કમિશનરશ્રીની સૂચના મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (કૃષિ, ગ્રા.વિ અને વા.વ્ય) વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, (રાજયકક્ષા), વાહનવ્યવહાર, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્રસચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ</u> જાણ સારૂ.

- કાર્યાલય મંત્રીશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ.